## “બનાસ ડેરીના પશુપાલકોની એપ, હવે આંગળીના ટેરવે મળશે પશુ સારવાર”

પશુપાલક પોતાના પશુધનની સારવાર માટેની રજૂઆત ઓનલાઈન પશુ વેટનરી સેવા એપ્લિકેશન દ્વારા ઘેરબેઠાં કરી શકે તે માટે ડિજિટલ ટેક્નોલોજીની દિશામાં બનાસ ડેરીની વધુ એક પહેલ




**Farmer-Mobile Application**

Get It On Google play

પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



બનાસની ધરતીનો

# ધબકાર

અંકઃ ૨ | ફેબ્રુઆરી-૨૦૨૩ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**બનાસની ગૌરવવંતી ક્ષણો**
**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન અને સાથ-સહકાર**

**મા અર્બુદા રજત મહોત્સવ :**
**રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિ**

**બનાસ ડેરીએ આદ્યસ્થાપક**
**સ્વ. શ્રી ગલબાકાકાની ૧૦૫મી જન્મજયંતીની ઉજવણી કરી**



# બનાસની ગૌરવવંતી ક્ષણો

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન અને સાથ-સહકાર



ખેડૂતો અને પશુપાલકોના સર્વાંગી વિકાસની ચિંતા કરીને હંમેશાં એમના હિતમાં નિર્ણયો, યોજનાઓ તેમજ આયોજન કરતાં વિકાસપુરુષ અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૭ ફેબ્રુઆરીના રોજ દિલ્હી ખાતે જઈને પ્રેરણાદાયી મુલાકાત કરી હતી તેમજ શાલ ઓઢાડીને લાખો પશુપાલકો વતી તેઓશ્રીનું સન્માન કર્યું હતું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથેની ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની મુલાકાત બનાસ ડેરી અને લાખો પશુપાલકો-ખેડૂતો માટે પ્રેરણારૂપ છે. તેઓશ્રીનું જીવન કરોડો લોકો માટે પ્રેરણાસ્ત્રોત છે, કારણ કે તેઓશ્રીના બતાવેલા માર્ગ પર ચાલી ચેરમેનશ્રીએ દૂધના શ્રેષ્ઠ ભાવ આપ્યા, ઐતિહાસિક ભાવ વધારો આપ્યો, ભવિષ્યના આયોજનરૂપે બનારસમાં ડેરીનો નવો પ્લાન્ટ સ્થાપ્યો, સણાદર ખાતે બનાસ સંકુલનું નિર્માણ કર્યું, બનાસ ડેરીને અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ કરી, તમામ કામગીરીને કમ્પ્યૂટરાઈઝ કરી, ગુજરાત બહાર ડેરીનું વિસ્તૃતીકરણ કર્યું. પશુપાલનનો વ્યાપ વધાર્યો અને દૂધ સાથે અન્ય વ્યવસાયો શરૂ કરીને પશુપાલકો તેમજ ખેડૂતોની આવક બમણી કરી છે. તેઓશ્રીની પ્રેરણા સકારાત્મક પરિણામમાં બદલી છે.

**પશુપાલકો અને ખેડૂતોની આવક વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે ગુજરાતના પનોતા પુત્ર શ્રી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ: ચેરમેન શ્રી શંકરભાઈ**

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે મુલાકાત કર્યા બાદ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે અને અત્યારે જ્યારે તેઓ દેશના લોકપ્રિય વડાપ્રધાન છે ત્યારે પણ બનાસ ડેરીને જરૂરી માર્ગદર્શન, સાથ સહકાર અને સહાય પૂરી પાડીને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો-પશુપાલકોને આત્મનિર્ભર, સ્વાવલંબી અને સક્ષમ બનાવવા સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી માળખાને મજબૂત બનાવી 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા માટે કરેલ પ્રયાસ, પરિશ્રમ અને પરિવર્તન સમગ્ર ભારત દેશ સહિત વિશ્વ માટે પણ આદર્શ અને પ્રેરણાદાયી છે. તેઓ ભારતીય સંસ્કૃતિને વરેલા છે, માટે પશુપાલન અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે સક્રિય રીતે સંકલ્પબદ્ધ છે. એમના અથાગ પ્રયત્નોના કારણે આજે આખો દેશ સહકારની ભાવનાથી જોડાયેલો છે. તેમની સાથેનો સંવાદ હંમેશાં રાષ્ટ્રનિર્માણ માટે નવી ઊર્જા પ્રદાન કરનારો બની રહે છે.

## દેશનાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી સાથે સૌજન્ય મુલાકાત કરતા બનાસના સેવક શ્રી શંકરભાઈ



**"મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીનો જીવનસંઘર્ષ બનાસના લાખો પશુપાલકો માટે પ્રેરણાસ્રોત છે." : ચેરમેન શ્રી શંકરભાઈ**

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૬ ફેબ્રુઆરીના રોજ ભારતનાં આદરણીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી સાથે નવી દિલ્હી ખાતે સૌજન્ય મુલાકાત કરી હતી. તેઓશ્રીનો જીવન-સંઘર્ષ અને સામાજિક સમરસતાના ભાવ સાથે લોકસેવા કરવા માટેની મજબૂત ઈચ્છાશક્તિ, પ્રત્યેક ભારતીયને પ્રેરણા પ્રદાન કરે છે. ચેરમેનશ્રીએ લાખો પશુપાલકો વતી રાષ્ટ્રપતિ બનવા બદલ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને ખૂબ ખૂબ અભિનંદન-સહ-શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ બનાસ ડેરી અને પશુપાલકોની મુલાકાત કરવા માટે અંતઃકરણપૂર્વક આમંત્રિત કર્યાં હતાં. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી સાથે મુલાકાત કર્યા બાદ પશુપાલકોને સંદેશો આપતાં જણાવ્યું હતું કે જીવનમાં અનેક પરિસ્થિતિઓ સામે સંઘર્ષ કરીને રાષ્ટ્રપતિપદ સુધી પહોંચવાની શ્રીમતી દ્રૌપદી મુર્મુજીની જીવનયાત્રા બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકો અને ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ દેશના ઈતિહાસમાં પ્રથમ વાર એક આદિવાસી મહિલાની રાષ્ટ્રપતિ પદ પર વરણી થવી એ વિવિધતામાં એકતાનું ઉત્તમ ઉદાહરણ છે.

## આદરણીય ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડજી સાથે મુલાકાત કરતા ચેરમેન શ્રી શંકરભાઈ

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભારતના આદરણીય ઉપરાષ્ટ્રપતિશ્રી જગદીપ ધનખડજી સાથે નવી દિલ્હી ખાતે સૌજન્ય મુલાકાત કરી હતી તેમજ તેમણે ઉપરાષ્ટ્રપતિ પાસે લોકકલ્યાણનાં વિવિધ પાસાં વિશે સંવાદ કરીને માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ચેરમેનશ્રીએ બનાસ ડેરી પરિવાર વતી બનાસકાંઠાની મુલાકાતે આવવા માટે ઉપરાષ્ટ્રપતિશ્રીને આમંત્રિત કર્યા હતા.



## લોકસભાના અધ્યક્ષશ્રી ઓમ બિરલાજી સાથે સૌજન્ય મુલાકાત કરતા ચેરમેન શ્રી શંકરભાઈ



લોકસભાના માનનીય અધ્યક્ષશ્રી ઓમ બિરલાજી સાથે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સૌજન્ય મુલાકાત કરીને વિવિધ મુદ્દે સંવાદ કરી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. ચેરમેન શ્રી એ જણાવ્યું હતું કે લોકસભાના અધ્યક્ષશ્રીનું સાર્વજનિક જીવનમાંથી અનુશાસન અને જનસેવાની સતત પ્રેરણા મળતી રહી છે. ચેરમેનશ્રીએ બનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકો અને ખેડૂતો તરફથી બનાસ ડેરીની મુલાકાત લેવા માટે લોકસભાના અધ્યક્ષશ્રીને આમંત્રિત કર્યા હતા.



# નિર્ણાયક નેતૃત્વ થકી પશુપાલકોના હિત માટે નવા ૮ ઉમંગ મોલ

## ઉમંગ મોલનું ઈ-લોકાર્પણ કરતા ચેરમેન શ્રી શંકરભાઈ




ગામડું એ બનાસ ડેરીનો આત્મા છે અને ગામડાંઓને સુવિધાસભર બનાવી બનાસકાંઠા જિલ્લાને, બનાસ ડેરીને અને લાખો પશુપાલકો તેમજ ખેડૂતોને સફળતા-સમૃદ્ધતા અને સર્વોપરિતાની નવી ઊંચાઈઓ સુધી લઈ જવાનો આત્મવિશ્વાસ, વિઝન તેમજ સપનું માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની નીતિ, નિયત અને નેતૃત્વમાં ઝળકે છે. ખેડૂતો અને પશુપાલકો દૂધ ઉત્પાદન થકી આર્થિક રીતે મજબૂત તો બને, પરંતુ સાથે તેમને ઘરઆંગણે જ જીવન જરૂરિયાતની તમામ પ્રકારની ચીજવસ્તુઓ મળી રહે તે અભિગમ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પારદર્શક વ્યવહાર અને સક્ષમ નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લાનાં અલગ અલગ ગામડાંઓ સ્થિત અલગ અલગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે ૮ નવા ઉમંગ મોલની શરૂઆત કરી છે. આ નવનિર્મિત આઠેય ઉમંગ મોલનું ઈ-લોકાર્પણ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બનાસ ડેરીનું નિયામક મંડળ તેમજ વર્ચ્યુઅલ માધ્યમથી દૂધ મંડળી ખાતે નવનિર્મિત ઉમંગ મોલ પર હજારોની સંખ્યામાં ખેડૂતો તેમજ પશુપાલકો ઉપસ્થિત રહ્યાં હતા.

પશુપાલકોના જીવનને સુવિધાથી સજ્જ, આર્થિક રીતે સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાના હકારાત્મક અભિગમ તેમજ ખેડૂત અને પશુપાલક પોતાના ઘરની નજીકથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વિવિધ ખરીદીના વિકલ્પ સાથે ઉચ્ચ ગુણવત્તા અને વાજબી ભાવે ખરીદી કરી શકે એ ઉદ્દેશ સાથે બનાસ ડેરી દ્વારા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ બનાસકાંઠા જિલ્લાના માંડલા, ઉત્તમપુરા (ડાંગિયા),



પૂર્વધાખા, પટેલવાસ (મા), લક્ષ્મીપુરા (ધોતા), શિહોરી, બાપલા અને ગોસણ ગામમાં ઉમંગ મોલ શરૂ કરાયા છે. આમ, બનાસ ડેરી દ્વારા જિલ્લાના ૭ તાલુકાનાં ૧૩ ગામડાઓ એટલે કે ૧૩ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે ઉમંગ મોલ શરૂ કરાયા છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાનાં ગામડાંઓમાં અત્યારે ઉમંગ મોલ ખોલવામાં આવી રહ્યાં છે, પરંતુ આગામી સમયમાં શહેરના લોકોની માગને ધ્યાનમાં રાખીને અમદાવાદ-ગાંધીનગરમાં પણ ઉમંગ મોલનું નિર્માણ કરવામાં આવશે એટલે કે કો-ઓપરેટિવ સિવાયની જગ્યાએ પણ ઉમંગ મોલ શરૂ કરવામાં આવશે.

બનાસ ડેરી દ્વારા જિલ્લાભરનાં અલગ અલગ ગામડાઓમાં શરૂ કરાયેલા ઉમંગ મોલ મોટાં શહેરો, જિલ્લા-તાલુકાનાં બજારમાં જોવા મળતા મોલ કરતાં એકદમ અલગ અને શ્રેષ્ઠ છે. આ ઉમંગ મોલ અન્ય કરિયાણા દુકાન કરતાં પ્રોડક્ટ્સ વેચાણમાં વધુ શ્રેષ્ઠ અને ખરીદી કરવામાં વધુ સરળ છે. બનાસ ડેરીના આ ઉમંગ મોલમાં રોકડ વિના ખરીદી કરી શકાય છે, જ્યારે અન્ય કરિયાણા દુકાનમાં પૈસાની ચુકવણી ત્વરિત કરવાની હોય છે. આ ઉમંગ મોલમાં પ્રમાણિક રીતે કમ્પ્યૂટર બિલિંગ કરાય છે, જ્યારે અન્ય કરિયાણા દુકાનમાં બિલ વગર વેચાણ કરવામાં આવે છે. આ ઉમંગ મોલમાં ૭ દિવસની વિનિમય સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે અન્ય કરિયાણા દુકાનમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. આ ઉમંગ મોલમાં વ્યક્તિગત કર્મચારીને તાલીમ આપવામાં આવે છે, જ્યારે અન્ય મોલમાં તાલીમનો અભાવ જોવા મળે છે. આમ, ઘણીબધી સકારાત્મક બાબતોના લીધે ઉમંગ મોલ ગ્રામીણ વિસ્તારમાં રહેતા પશુપાલક અને ખેડૂત માટે મદદરૂપ બનશે.

## "સમૃદ્ધિનો ઉજાસ પાથરવાનું એક સાહસ છે ઉમંગ મોલ"

ગામડાંઓમાં ઉમંગ મોલના આવવાથી પશુપાલકો-ખેડૂતોને મોટો ફાયદો થશે, કારણ કે હવે ખેડૂતો અને પશુપાલકોને ખરીદી કરવા માટે ઘરથી દૂર ભાડું ખર્ચીને બજાર જવું નહિ પડે, ખરીદી માટે વધુ સમય બગાડવો નહિ પડે અને ખરીદી કરવા માટે રોકડ રકમની પણ જરૂર નહિ પડે. પશુપાલકો (મંડળીના સભ્યો)એ રોકડ રકમ ચૂકવ્યા વગર ઉમંગ મોલમાં જેટલી પણ વસ્તુઓ ખરીદવી હોય એ ખરીદી કરીને પોતાનો મેમ્બર કોડ ત્યાં કાઉન્ટર ઉપર આપવાનો અને બિલ ઓટોમેટિક દૂધના બેલેન્સની સામે એડ્જસ્ટ થઈ જશે એટલે કે દૂધના પગારમાંથી ખરીદીની ચુકવણી થઈ જશે. આ ઉમંગ મોલમાં ખરીદી કરવાથી જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોના પૈસા એમની પાસે જ પરત આવશે તેમજ એમણે કરેલા ઉત્પાદનમાંથી બનાસ ડેરીમાં તૈયાર થયેલી વસ્તુઓ ઉમંગ મોલમાં વેચાશે, જેનો ફાયદો એમને મળશે.





## "બનાસનો ગ્રામ્ય વિસ્તાર બનશે સમૃદ્ધ, સુવિધાસભર અને સ્વાવલંબી" ચેરમેન શ્રી શંકરભાઈ





ગામડાંઓના વિકાસ વિના ભારતનો વિકાસ શક્ય નથી. ગ્રામીણ ભારત અંગેના મહાત્મા ગાંધીનાં સપનાંઓને સાકાર કરવા માટે ખેડૂતો-પશુપાલકોને સક્ષમ અને સ્વાવલંબી બનાવવા પડશે, જેના માટે બનાસ ડેરી કટિબદ્ધ છે. મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજ્ય અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ગ્રામની ભાવનાને બનાસ ડેરી સહકારી ક્ષેત્રમાં ઉમંગ મોલ થકી જનભાગીદારી દ્વારા સાકાર કરી રહી છે. જો ગામડાંઓ સમૃદ્ધ, સુવિધાસભર અને સ્વાવલંબી બનશે તો દેશ સર્વોપરી બનશે, એની સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર થવા સાથે દેશની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડોલર બનાવવામાં ગામડાંઓનું યોગદાન અમૂલ્ય બની રહેશે એવું માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૮ ઉમંગ મોલના ઈ-લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

બનાસ ડેરીના નેતૃત્વએ સહકારી ક્ષેત્રમાં નવતર પ્રયોગો હાથ ધરીને વિકાસની નવી ઊંચાઈઓ સર કરી વિશ્વમાં આગવી ઓળખ પ્રાપ્ત કરી છે. આ સફળતાની સફરમાં બનાસકાંઠાના અંતરિયાળ અને છેવાડાના વિસ્તારમાં રહેતા ખેડૂતો અને પશુપાલકો મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. ગામડાંઓના સર્વાંગી વિકાસ થકી બનાસકાંઠા જિલ્લાને આત્મનિર્ભર બનાવી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી આત્મનિર્ભર બનવાના સપનાને સાકાર કરવાનો બનાસ ડેરીનો દૃઢ સંકલ્પ છે. આત્મનિર્ભર બનાસકાંઠા માટે બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકો-ખેડૂતો અને ગામડાંઓ આત્મનિર્ભર હોવા જરૂરી છે. બનાસ ડેરીની યોજનાઓ, સહાય, દૂધના શ્રેષ્ઠ ભાવ, ભાવ વધારો અને નવતર પ્રયોગોનો ફાયદો છેવાડાના માનવી અને ગામડાંઓ સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે ઉમંગ મોલ એક સાહસ છે. ગામડાંઓમાં આરોગ્ય, શિક્ષણ જેવી પ્રાથમિક અને ભૌતિક સુવિધાઓ આપી શહેરો સમકક્ષ બનાવવાનો પ્રયાસ બનાસ ડેરી દ્વારા કરવામાં આવી રહ્યો છે તેમ વધુમાં ચેરમેનશ્રીએ ઉમેર્યું હતું. લોકો માને છે બનાસકાંઠા સૂકોભઠ્ઠ, શિક્ષણ વગરનો અને પાણીની અછત ધરાવતો જિલ્લો છે, પરંતુ આજે એ જ જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોએ એ લોકોની વાત ખોટી સાબિત કરી બતાવી છે. પશુપાલકો અને ખેડૂતોના સાથ-સહકારથી બનાસકાંઠાએ એ કરી બતાવ્યું છે, જે ક્યારેય કોઈએ વિચાર્યું પણ નહોતું. સહકારી ક્ષેત્રમાં ઉમંગ મોલ એ નવી ક્રાંતિ છે, જે આખા ભારત દેશ અને સહકારી ક્ષેત્રને પ્રેરણા પૂરી પાડશે.

# ડિજિટલ બનાસ

## બીમાર પશુઓના પશુચિકિત્સકની સેવા પૂરી પાડતી બનાસ પશુ સારવાર એપ્લિકેશન




બનાસ ડેરીએ પોતાની સાથે જોડાયેલા લાખો પશુપાલકોને સમયે સમયે દૂધના શ્રેષ્ઠ ભાવ આપીને તમામ રીતે પૂરતી કાળજી રાખી છે અને એમની મહેનતને પણ બિરદાવી છે તેમજ બનાસ ડેરીએ જિલ્લાના પશુપાલકો આર્થિક રીતે સધ્ધર બને અને સામાજિક રીતે પણ તેમનામાં હકારાત્મક બદલાવ આવે તે માટે જરૂરી પગલાં લીધાં છે. ત્યારે હવે બનાસ ડેરીએ પશુપાલકોના આરોગ્યની ચિંતા કરવાની સાથે પશુઓની ચિંતા પણ કરી છે. તાજેતરમાં બનાસ ડેરીએ પશુઓની સારવાર માટે બનાસ વેટનરી સેવા નામની એપ્લિકેશન બનાવીને પશુધનના આરોગ્ય, શારીરિક તંદુરસ્તી અને ફિટનેસને જાળવી રાખવા કટિબદ્ધ બની છે. પ્રાયોગિક ધોરણે ધાનેરા અને પાલનપુર તાલુકાના વિસ્તાર માટે આ એપ્લિકેશનની શરૂઆત કરાઇ હતી, જેને સપૂર્ણ સફળતા મળ્યા બાદ ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના શુભ હસ્તે લોકાર્પણ કરીને બનાસકાંઠા જિલ્લામાં શુભારંભ કરવામાં આવ્યો છે. ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે જ્યારે પશુ બીમાર હોય છે ત્યારે તે ખેડૂતના જીવન અને તેની આવકને અસર કરે છે. તે પ્રાણીની કાર્યક્ષમતા, તેના દૂધની ગુણવત્તા અને અન્ય સંબંધિત ઉત્પાદનોને પણ અસર કરે છે, પરંતુ આ તમામ પ્રશ્નોનો ઝડપી હલ લાવવા માટે જ બનાસ ડેરીએ બનાસ વેટનરી સેવા એપ્લિકેશન બનાવી છે. બનાસ ડેરીએ સંકલ્પ કર્યો છે કે હવે બનાસ ડેરી સાથે જોડાયેલા પશુપાલકોના પશુધનને ૨૪ કલાક આરોગ્ય સુવિધા અને સારસંભાળ આપવામાં આવશે.

### બનાસ પશુ સારવાર એપ્લિકેશન ૧૦૮ જેવી સુવિધા પૂરી પાડશે


ભવિષ્યના આયોજનની તૈયારી અત્યારથી કરવાના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારને હકીકતમાં ચરિતાર્થ કરતાં ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી જિલ્લાભરમાં નવતર પ્રયોગો કરીને પશુપાલકો અને ખેડૂતોની સુખાકારી માટે સતત કાર્ય કરી રહી છે ત્યારે બનાસ ડેરીએ પોતાની સાથે જોડાયેલા આશરે પાંચ લાખ કરતાં વધુ પશુપાલક પરિવારના પશુધનની ચિંતા કરી વ્યક્તિને જે રીતે ૧૦૮ આરોગ્ય સેવાની મદદથી ઇમર્જન્સીમાં સારવાર મળી રહી છે એ જ રીતે પશુધનને પણ ૧૦૮ની જેમ સમયસર આરોગ્ય સારવાર મળી રહે તે માટે બનાસ ડેરીએ 'બનાસ વેટનરી સેવા' એટલે કે 'બનાસ પશુ સારવાર' એપ્લિકેશનની શરૂઆત કરી છે. બનાસ ડેરી દ્વારા પશુ સારવાર માટે ૧૦૮ જેવી સુવિધા પહેલાંથી જ ઉપલબ્ધ તો છે, પરંતુ પશુપાલકોએ વેટનરી વિભાગમાં ફોન કરીને વિઝિટ નોંધાવવાની રહેતી, જેના કારણે અમુકવાર સારવારમાં મોડું થઇ જતું અથવા વ્યસ્ત સમયના કારણે સમયસર વિઝિટ નોંધાવવામાં અગવડ પડતી હતી, બનાસ ડેરીએ આ પ્રશ્નોના નિરાકરણ માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને "બનાસ પશુ સારવાર" એપ્લિકેશન બનાવી, જે સમયનો બગાડ કર્યા વગર સમયસર પશુધનની સારવાર કરવા માટે વિઝિટ નોંધાવવાની સુવિધા પૂરી પાડશે.

### એપ્લિકેશનમાં રહેશે પશુધનના આરોગ્યની માહિતી જીવનભર

"બનાસ વેટનરી સેવા" એપ્લિકેશનમાં પશુપાલકો પોતાના પશુધનના આરોગ્ય સંબંધિત તમામ માહિતી કોઇ પણ સમયે અને કોઇ પણ સ્થળેથી મેળવી શકશે. આ એપ્લિકેશનમાં એક વાર પશુધનની વિઝિટ નોંધવાની સાથે એ બીમાર પશુના રોગ, દવા અને તમામ જરૂરી માહિતીનો સંગ્રહ થશે, જે ભવિષ્યમાં પશુચિકિત્સકને પશુધનની સારવાર કરવામાં મદદરૂપ બનશે.

### પશુ સારવાર એપ્લિકેશન કઈ રીતે ડાઉનલોડ કરવી

પશુપાલક ગૂગલ પ્લે-સ્ટોર પર 'બનાસ વેટનરી સેવા' અથવા 'બનાસ પશુ સારવાર' લખીને આ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકશે તેમજ દૂધ મંડળીમાં રજિસ્ટર પોતાના મોબાઈલ નંબર થકી આ એપ્લિકેશનમાં લોગ ઈન કરીને પશુ સારવારની વિઝિટ નોંધાવી શકશે.




### સરળ ભાષામાં તૈયાર કરાઈ પશુ સારવાર એપ્લિકેશન

બનાસ ડેરી દ્વારા આ એપ્લિકેશનને અંગ્રેજી ભાષામાં તૈયાર કરાઈ છે, પરંતુ બનાસકાંઠાનો પશુપાલક પોતાની માતૃભાષામાં આ બનાસ પશુ સારવાર (બનાસ વેટનરી સેવા) એપ્લિકેશનનો ઉપયોગ કરીને સમયસર વિઝિટ નોંધાવી શકે તે માટે આ એપને ગુજરાતી ભાષામાં પણ તૈયાર કરાઈ છે. વધુમાં વધુ પશુપાલકો આ એપ્લિકેશનનો ઉપયોગ કરી પશુધનને રક્ષણ પૂરું પાડે તે માટે અંગ્રેજી સાથે ગુજરાતી ભાષામાં આ એપ તૈયાર કરવામાં આવી છે.

### "બનાસ પશુ સારવાર" એપ્લિકેશનથી પશુપાલકોને થતા ફાયદાઓ

- પશુપાલક ઝડપી વિઝિટ નોંધાવી શકશે
- પશુપાલકના સમયનો બચાવ થશે
- એપમાં પશુની આરોગ્ય સંબંધિત માહિતીનો સંગ્રહ આજીવન રહેશે
- પશુપાલકને પશુની સારવાર, દવા સંબંધિત માહિતી મળી રહેશે
- પશુપાલકને બીમાર પશુની સારવારની ચિંતામાંથી મુક્તિ મળશે

# જીવન અને પર્યાવરણ બચાવવા માટે માટીને બચાવો

"માટી ખુદ જીવંત છે અને જીવનદાયિની છે, કારણ કે માટીમાં પાણીનો સંગ્રહ થાય છે, તેમાં વનસ્પતિ ઊગે છે અને તેના પર જ જીવસૃષ્ટિનું અસ્તિત્વ ટક્યું છે. જો માટી બચશે તો પૃથ્વી બચશે, જો માટી બચશે તો જ જીવસૃષ્ટિનું અસ્તિત્વ અકબંધ રહેશે. આવો, આપણે સૌ સાથે મળીને માટી બચાવીએ."

— ચેરમેન શ્રી શંકરભાઈ
(બનાસ ડેરી, પાલનપુર)






## શક્તિ, ભક્તિ અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ

# મા અર્બુદા રજત મહોત્સવમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિ

**"આપણે સર્વ સમાજને સાથે લઈને ચાલીશું તો ચોક્કસ આગળ વધીશું" - ચેરમેન શ્રી શંકરભાઈ**



વિશ્વકલ્યાણ, વિશ્વશાંતિ અને સામાજિક ઉત્કર્ષ અર્થે મા અર્બુદાની અમી દ્રષ્ટિ સદૈવ સમાજ પર રહે એવા આશયથી પાલનપુરના આદર્શ વિદ્યાસંકુલમાં સ્થિત શ્રી અર્બુદા માતાજીના મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થવા પર રજત જયંતી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે શ્રી આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર દ્વારા આર.વી.ભટોળ ઈંગ્લિશ મીડિયમ વિદ્યાસંકુલ, લાલાવાડા ખાતે ૩ ફેબ્રુઆરીથી ૫ ફેબ્રુઆરી સુધી ૧૦૮ કુંડી સહસ્ર ચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આસ્થા અને ભક્તિભાવ સાથે શિસ્તબદ્ધ તથા સુવ્યવસ્થિત રીતે આયોજિત ૧૦૮ કુંડી સહસ્ર ચંડી મહાયજ્ઞમાં સહભાગી થઈને શાસ્ત્રોક્તવિધિ સાથે આહુતિ અર્પણ કરી મા અર્બુદાને સર્વેનું કલ્યાણ થાય તે માટે પૂજા-અર્ચના, પ્રાર્થના કરીને આશીર્વાદ મેળવ્યા કર્યા હતા.

## પરિશ્રમ કરીએ ત્યારે મા અર્બુદાનાં દર્શન થાય છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

આ શુભ પ્રસંગે માતુશ્રી આર.વી. ભટોળ ઈંગ્લિશ મીડિયમ વિદ્યાસંકુલ, લાલાવાડા ખાતે મા અર્બુદા રજત જયંતી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આયોજિત ૧૦૮ કુંડી સહસ્ર ચંડી મહાયજ્ઞમાં આદરણીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વિશેષ હાજરી આપી, આહુતિ અર્પણ કરી શ્રદ્ધાપૂર્વક શ્રી અર્બુદા માતાજીનાં દર્શન કર્યાં હતાં. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં ચૌધરી સમાજનાં કદ-કાઠી જોઈને આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં આવા ઊંચા અને પહોળા કદ ધરાવતા લોકો જોયા નથી. ચૌધરી સમાજનાં મૂળિયાં રાજસ્થાન અને હરિયાણામાં છે. તેઓના પૂર્વજો ત્યાંથી સ્થળાંતર કરી મા અર્બુદાના આશીર્વાદથી ગુજરાત આવીને વસ્યા હતા, એ હકીકત જાણી તેમણે પોતાપણું અનુભવ્યું હોવાનું જણાવી આપણે એક જ પરિવારના છીએ એમ કહ્યું હતું. પ્રાકૃતિક ખેતી તેમજ ગાય આધારિત ખેતીના ફાયદા ગણાવી રાજ્યપાલશ્રીએ તેઓ પોતે પહેલાં ખેડૂત છે અને પછી રાજ્યપાલ છે એમ જણાવી ચૌધરી સમાજના આગેવાનો અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન મેળવવા કિસાન સંમેલન યોજવા આહ્‌વાન કર્યું હતું, જેમાં તેઓ સ્વયં ઉપસ્થિત રહી ખેડૂતોને ગાય આધારિત ખેતી અને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપશે અને કઈ રીતે ગાયની નસલમાં સુધારો કરી વધુ દૂધ ઉત્પાદન મેળવી શકાય એ નવીન પદ્ધતિઓ અંગે જણાવશે એમ કહ્યું હતું. આપણે સૌ ધરતી માતાનાં સંતાનો છીએ, ધરતી મા આપણું પાલનપોષણ કરે છે. ખેતી અને પશુપાલનનો વ્યવસાય મહેનતનું કામ છે. પરિશ્રમ કરી પરસેવો પાડીએ ત્યારે મા અર્બુદા-ઈશ્વરનાં દર્શન થાય છે એટલે જ ભારતમાં ખેતીને સર્વશ્રેષ્ઠ કામ માનવામાં આવે છે એમ જણાવી રાજ્યપાલશ્રીએ બનાસ ડેરી અને ખેતી, પશુપાલન ક્ષેત્રે ચૌધરી સમાજે આપેલા યોગદાનની પ્રશંસા કરી સમાજને અભિનંદન આપ્યા હતા તેમજ સમાજના પરંપરાગત વ્યવસાય કૃષિ અને પશુપાલનની પ્રશંસા કરી હતી અને આધુનિક ટેક્‌નોલોજીનો સમન્વય સાધી ખેતીમાં આગળ વધવા અનુરોધ કર્યો હતો.

## શ્રદ્ધા અને આસ્થા સાથે ભક્તિભાવપૂર્વક બનાસ ડેરીના કર્મચારીઓએ કર્યું મા અર્બુદાના શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત





આ રજત જયંતી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પાલનપુરના અલગ અલગ વિસ્તારમાં આશરે ૨૦ કિ.મી. જેટલા લાંબા રૂટમાં વાજતે-ગાજતે મા અર્બુદાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં આંજણા સમાજનાં ભાવિક શ્રદ્ધાળુ ભાઈ-બહેનો સહિત આબાલવૃદ્ધ સૌ કોઈ મળીને લગભગ એકથી દોઢ લાખ જેટલા લોકો જોડાયા અને ભક્તિમય વાતાવરણમાં માતાજીનાં દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા કર્યા હતા. સવારના ૮ કલાકે પાલનપુર આદર્શ વિદ્યાલય સ્થિત મા અર્બુદાના મંદિરથી નીકળેલી શોભાયાત્રા બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકા સર્કલથી ફરતાં ફરતાં નવા ગંજબજારથી બનાસ ડેરી પહોંચી હતી, જ્યાં બનાસ ડેરીના કર્મચારીઓ દ્વારા ભક્તિભાવપૂર્વક અને શ્રદ્ધા સાથે શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ એકતાના ભાવરૂપે બનાસ ડેરીએ સૌ ભક્તગણોમાં એક લાખથી વધુ ‘અમૂલ કૂલ’નું વિતરણ કર્યું હતું.



## પશુપાલકો અને ખેડૂતોની માલિકીની બનાસ મેડિકલ કોલેજ દ્વારા કરાયું મેડિકલ કેમ્પનું આયોજન




બનાસ ડેરી, બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા મા અર્બુદા રજત જયંતી મહોત્સવમાં ભક્તગણના આરોગ્યની ચિંતા કરીને તમામ પ્રકારની સુવિધાથી સજ્જ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રૂબરૂ જઈને બનાસ મેડિકલ કેમ્પનું નિરક્ષણ કર્યું હતું. બનાસ મેડિકલ કેમ્પમાં દૂરથી ચાલતા આવતા શ્રદ્ધાળુઓનું ચેકઅપ કરીને જરૂરી દવા પૂરી પાડવામાં આવી હતી.

## સામાજિક સમરસતાનું વાતાવરણ ચૌધરી સમાજે ઊભું કર્યું : ચેરમેન શ્રી શંકરભાઈ



આ શુભ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સૌ ભાવિક ભક્તોને સંબોધિત કરતાં સમાજના ઈતિહાસની વાત કક્તાં કહ્યું હતું કે ‘આ સમાજ મૂળ રાજસ્થાન અને હરિયાણાથી આવીને ગુજરાતમાં સ્થાયી થયો છે. ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા ચૌધરી સમાજે મા અર્બુદા મહોત્સવનું ભવ્ય આયોજન કરીને મેનેજમેન્ટનું શ્રેષ્ઠ અને ઉત્તમ ઉદાહરણ રાજ્યમાં પૂરું પાડ્યું છે. દલિત સમાજ સહિત અન્ય તમામ સમાજ અને જ્ઞાતિઓને આ યજ્ઞમાં જોડીને સામાજિક સમરસતાનું વાતાવરણ ચૌધરી સમાજે ઊભું કર્યું છે. યુવાનોને બીડી, તમાકુ, ગુટખા અને સિગારેટ જેવાં વ્યસનોની બદીઓથી દૂર રહીને મા અર્બુદાએ આપેલા પવિત્ર જીવન-શરીરને સ્વસ્થ, ફિટ અને તંદુરસ્ત રાખવા અને સૌ સમાજને સાથે રાખીને ચાલીશું તો ચોક્કસ આગળ વધી શકાશે. બીજાના ભલામાં જ સમાજનું ભલું થશે તેવી ભાવનાથી જ સમાજનું કલ્યાણ થશે. આપણા સંવિધાને આપેલા હક અને અધિકારો તથા નિયમોનું પાલન કરીશું તો જ ધર્મનું પાલન કર્યું ગણાશે તેમ ચેરમેનશ્રીએ જણાવ્યું હતું.

# દૂધ સંપાદનમાં બનાસ ડેરી દેશમાં પ્રથમ

## ‘મિલ્ક હોલિડે’ રાખ્યા વગર વિક્રમજનક દૂધ સંપાદન કરી પશુપાલકોના હિતનું રક્ષણ કર્યું



શ્વેતક્રાંતિનો ઇતિહાસ રચનાર વિશ્વપ્રસિદ્ધ બનાસ ડેરીએ કુશળ વહીવટ, નિયમબદ્ધ સંચાલન અને સચોટ વ્યવસ્થાનું ફરી એક વાર ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. લાખો પશુપાલકોની જીવાદોરી સમાન બનાસ ડેરીમાં વિક્રમજનક દૂધની આવક નોંધાઇ છે. દૂધ સંપાદનની ક્ષમતા ૫૬ લાખ લીટર છે, પરંતુ કુશળતાથી વહીવટ કરીને બનાસ ડેરીએ ફરી એક વાર ચાલુ વર્ષે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ એક જ દિવસમાં ૮૬.૫૦ લાખ લિટર વિક્રમજનક દૂધ સંપાદન કરીને શ્વેતક્રાંતિમાં રેકોર્ડ રચ્યો છે. ૨૦૧૪ પછી બનાસ ડેરીમાં દૂધની આવક દિન-પ્રતિદિન વધતી રહે છે, જાણે કે દૂધની ગંગા વહેતી થઇ હોય એવું બનાસકાંઠામાં વાતાવરણ સર્જાયું છે. બનાસ ડેરીના સક્ષમ અને સફળ નેતૃત્વના કારણે એક પણ દિવસ ‘મિલ્ક હોલિડે’ રાખ્યા વગર સતત પશુપાલકો પાસેથી દૂધ સ્વીકારવામાં આવે છે, જેના લીધે પશુપાલકો પણ વધુ પશુધન રાખીને વધુ દૂધ ઉત્પાદન કરતા થયા છે. આમ, તેઓની આવક બમણી થઇ રહી છે, આત્મનિર્ભર બની રહ્યા છે અને મહેનતનાં મીઠા ફળ પણ પ્રાપ્ત કરી રહ્યા છે.





ચેરમેન શ્રી શંકરભાઇના નેતૃત્વમાં દૂધ ઉત્પાદનનું મૂલ્યવર્ધન અને પ્રોડક્ટ્સમાં વેલ્યૂએડિશન કરીને પશુપાલકોને તેનો ફાયદો અપાવવા તેમજ ગ્રામીણ અર્થવ્યવસ્થાને વધુ મજબૂત અને સક્ષમ બનાવવા બનાસ ડેરી કટિબદ્ધ છે.

## બનાસ ડેરીના સફળ મેનેજમેન્ટ થકી અશક્ય બન્યું શક્ય




જ્યારથી શંકરભાઇ ચૌધરીની બનાસ ડેરીના ચેરમેન તરીકે વરણી થઇ છે ત્યારથી, એટલે કે છેલ્લાં ૭ વર્ષથી દૂધની આવકમાં વધારો થવાનો સિલસિલો ચાલી રહ્યો હતો, જે ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનામાં ઐતિહાસિક સપાટી વટાવી ચૂક્યો છે, જોકે સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે આ વધારા પાછળનું મોટું કારણ છે, બનાસ ડેરીનું યોગ્ય વહીવટ અને ડેરી સાથે જોડાયેલ પશુપાલનનો વ્યવસાય. બનાસ ડેરીનું યોગ્ય વહીવટ કરનાર ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી બદલાતા જમાના સાથે ખેડૂતો અને પશુપાલકો સાથે તાલથી તાલ મિલાવીને ચાલી રહ્યા છે, જેના કારણે પશુપાલન ક્ષેત્રે પણ નવો કીર્તિમાન હાંસલ કર્યો છે. બનાસ ડેરીની સમગ્ર ટીમના સુદઢ અને સમયસરના આયોજનના પરિણામે આટલા મોટા દૂધના જથ્થાનો પડકારજનક સ્થિતિમાં અવેર થઈ રહ્યો છે, સાથે-સાથે જે પ્રમાણે દૂધની આવક વધી રહી છે તે સમયમાં એક પણ 'મિલ્ક હોલિડે' રાખ્યા વગર જ દૂધનું સંપાદન કરવામાં આવી રહ્યું છે, આ બધું ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરીના પ્રખર નેતૃત્વશક્તિના કારણે સફળ બની રહ્યું છે. દૂધના વ્યવસાયની સાથે-સાથે બનાસ ડેરીએ અનેક નવા વ્યવસાયો ઊભા કર્યા છે એટલું જ નહીં, બનાસ ડેરીએ તેમાં દૂધ ઉત્પાદકોને વળતર આપવામાં પણ વિશ્વના તમામ દેશોને પાછળ છોડ્યા છે. આ બધું કુશળ વહીવટના કારણે શક્ય બની રહ્યું છે.



# ભારત સરકારના નીતિ આયોગના વરિષ્ઠ સલાહકાર શ્રી (ડૉ.) નીલમબહેન પટેલજીએ કરી બનાસ બાયો CNG પ્લાન્ટની પ્રશંસા

## નવભારતને સમૃદ્ધ, આત્મનિર્ભર અને સર્વોપરી બનાવવા ચેરમેન શ્રી શંકરભાઈના નેતૃત્વમાં બનાસ ડેરી કટિબદ્ધ છે




બનાસ ડેરી નવા વિઝન સાથે દિન-પ્રતિદિન નવતર પ્રયાસો થકી પશુપાલકો અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા માટે કટિબદ્ધ તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બતાવેલા માર્ગ પર ચાલીને 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા માટે પ્રયત્નશીલ રહે છે. એ જ અભિગમ સાથે કામ કરતાં બનાસ ડેરીએ બનાસ બાયો CNG પ્લાન્ટ સ્થાપિત કરીને 'વેસ્ટ ટુ વેલ્થ અને વેસ્ટ ટુ એનર્જી'નું દેશ સમક્ષ મહત્ત્વપૂર્ણ ઉદાહરણ પૂરું પાડ્યું છે ત્યારે નીતિ આયોગના વરિષ્ઠ સલાહકાર શ્રી (ડૉ.) નીલમ પટેલજી એ બનાસ ડેરીના બનાસ બાયો CNG પ્લાન્ટની મુલાકાત કરીને આ ઉમદા કાર્યની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ગોબર આધારિત પ્રોજેક્ટ દ્વારા ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે તેમ તેમણે જણાવ્યું હતું, સાથે ખાતરી આપી હતી કે ભવિષ્યમાં કેન્દ્ર સરકારના દ્વારા હાથ ધરવામાં આવતા આ પ્રકારના કોઈ પણ પ્રોજેક્ટમાં બનાસ ડેરીને સામેલ કરવામાં આવશે. બનાસ ડેરી નવભારતના નિર્માણમાં તો અમૂલ્ય યોગદાન આપી રહી છે, સાથે ડેરી ક્ષેત્રે વિશ્વ સમક્ષ એકદમ આગવી ઓળખ ધરાવી છે, જે ભારત દેશ માટે ગર્વની વાત છે. બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ આર. ચૌધરી અને ઇ.ડી. શ્રી વિનોદ બાજિયા દ્વારા તેઓશ્રીનું બનાસ ડેરીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજના નવભારતને સમૃદ્ધ, આત્મનિર્ભર અને સર્વોપરી બનાવવા સહકારી ક્ષેત્રમાં આવતા સંઘ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે ત્યારે બનાસ ડેરી પણ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ સહકારી ક્ષેત્રમાં દિન-પ્રતિદિન નવતર પ્રયોગો હાથ ધરીને અમૂલ્ય યોગદાન આપી રહી છે. આ કામને ગતિ આપવાના ઉમદા હેતુ સાથે આધુનિક અને આત્મનિર્ભર ભારતની છબી દર્શાવતા અનેક નવતર પ્રયોગ હાથ ધરીને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી કાર્યરત છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ગોબરધનમાં ડેરીના પ્રોજેક્ટની પ્રશંસા કરી હતી અને દેશભરમાં આવા પ્લાન્ટની સ્થાપના કરીને કચરામાંથી સંપત્તિ બનાવવાના સરકારના પ્રયાસોમાં મદદ કરવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે આ પ્લાન્ટથી ગામડાંઓમાં સ્વચ્છતા જાળવવા, ખેડૂતોને ગોબર માટે આવક આપવા, વીજળીનું ઉત્પાદન કરવા અને પ્રકૃતિના ખાતર દ્વારા પૃથ્વીનું રક્ષણ કરવાથી ફાયદો થશે. આવા પ્રયાસો આપણા ગામડાંઓ અને મહિલાઓને મજબૂત બનાવશે અને ધરતી માતાનું રક્ષણ કરે છે.



# બનાસથી બનારસ

## વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ ડેરીના પ્લાન્ટની ચેરમેન શ્રી શંકરભાઈએ મુલાકાત કરી કાર્યપ્રગતિની માહિતી મેળવી



બનાસ ડેરીએ દેશમાં એક નવી આર્થિક શક્તિ ઊભી કરી છે. સહકારી ભાવના સાથે લાખો ખેડૂતો અને પશુપાલકોને જોડીને સર્વાંગી સુખાકારી માટે સતત સક્રિય છે ત્યારે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ અંદાજિત ૫૦૦ કરોડથી વધુના ખર્ચે વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીનો નવો પ્લાન્ટ સ્થાપવાનું કામ શરૂ કર્યું છે, જેનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મોદીજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ છે. આ નિર્ધારના ભાગરૂપે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે ડેરીના નિર્માણાધીન પ્લાન્ટની મુલાકાત કરીને કાર્યપ્રગતિની માહિતી મેળવી હતી. તેમણે પ્લાન્ટની ચાલુ કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો આપ્યાં હતાં.

ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડિશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવાં રાજ્યમાં બનાસ ડેરીએ પોતાની શાખાઓ શરૂ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી રહી છે, જેના કારણે આજે ચેરમેનશ્રીના નેતૃત્વ અને દૂરંદેશી વિઝન થકી બનાસ ડેરી સામાન્ય માણસ, પશુપાલક, ખેડૂતો તેમજ ગરીબ માટે આવકના મોટા માધ્યમ તરીકે ઊભરી રહી છે. વારાણસીમાં પ્લાન્ટના નિર્માણ થવાથી ત્યાંના જૌનપુર, મછલીશહર, ચંદૌલી, ભદોહી, ગાઝીપુર, મીરજાપુર અને આઝમગઢનાં ૧૦૦૦ ગામોના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયથી ફાયદો થશે. પ્લાન્ટ શરૂ થવાની સાથે વારાણસી ક્ષેત્રના ખેડૂતો-પશુપાલકો અને જનતાને આ યોજનાનો લાભ મળતો થશે તથા રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્રોત બનશે.

આ પ્લાન્ટનું નિર્માણ થતાંની સાથે આજુબાજુના ૫૦ કિ.મી. વિસ્તારનાં ગામડાંઓ બનાસ ડેરી સાથે જોડાઈ જશે તેમજ દરેક ગામમાં દૂધ કલેક્શન સેન્ટર ખોલવામાં આવશે સાથે દરેક ગામમાં દૂધ મંડળી-દૂધ સમિતિ બનાવવામાં આવશે. પ્લાન્ટના નિર્માણ થયા પછી પૂર્વાંચલ વિસ્તારના લગભગ ૫૦૦૦ લોકોને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે રોજગારી મળતી થશે તેમજ દૂધ ઉત્પાદકોને બનાસ ડેરી સાથે જોડાવાના કારણે લાભ પણ મળતો થશે. બનાસ ડેરી પોતાનો આધુનિક પ્લાન્ટ સ્થાપિત કરીને વારાણસીના વિકાસમાં અમૂલ્ય યોગદાન સાથે ખેડૂત-પશુપાલકની આવક બમણી કરી તેમને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તે વિસ્તારના યુવાઓને રોજગાર આપવાના ઉદ્દેશ સાથે વારાણસી પ્લાન્ટની ઈંટ મોદીજી દ્વારા મૂકવામાં આવી છે. આ પ્લાન્ટની દૂધ પ્રોસેસિંગ ક્ષમતા ૫ લાખ લિટર પ્રતિદિવસ છે તેમજ અહીંયાં દૂધ, દહીં, પનીર, લસ્સી, આઈસક્રીમ અને મીઠાઈનું પણ ઉત્પાદન થશે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણ થનાર પ્લાન્ટની મુલાકાત કર્યા બાદ જણાવ્યું હતું કે છેલ્લાં ૭-૮ વર્ષોમાં બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. એ જ અભિગમ સાથે બનાસ ડેરીએ લખનૌ અને કાનપુરમાં પ્લાન્ટ કાર્યરત કર્યા પછી હવે વારાણસીમાં ૫ લાખ લિટર દૈનિક દૂધ પ્રોસેસિંગની ક્ષમતા ધરાવતા પ્લાન્ટનું નિર્માણ થવાથી વારાણસી તેમજ ઉત્તરપ્રદેશના લોકોને મોટા પ્રમાણમાં ફાયદો થશે. ઉત્તરપ્રદેશ એ મોટું માર્કેટ છે એટલે ત્યાં થયેલી દૂધ અને દૂધમાંથી બનેલ પ્રોડક્ટ્સ માર્કેટ થકી અનેક લોકો સુધી પહોંચાડી શકાય એમ છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશના પૂર્વાંચલના ભાગમાં ખૂબ મોટી શરૂઆત બનાસ ડેરી 'અમૂલ' બ્રાન્ડના માધ્યમથી કરવા જઈ રહી છે. વારાણસી ઝડપી વિકાસના મોડલમાં રૂપાંતરિત થઈ રહ્યું છે. બનાસ ડેરીનો આ નવો પ્લાન્ટ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ સરળતા, સગવડો અને સુવિધાઓ લાવશે.





# અમૃતકાળના ભારતમાં સફળતાનાં નવાં શિખરો સર કરવા બનાસ ડેરી દ્વારા નિર્માણાધીન 'બનાસ કાશી સંકુલ'ની તસવીર

**'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરવા અને સહકારી વિચારધારાના વિસ્તરણથી વારાણસીના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક બમણી થાય તે માટે બનાસ ડેરી દ્વારા વારાણસી ખાતે 'બનાસ કાશી સંકુલ'નું નિર્માણ કરાઈ રહ્યું છે.**















# બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. શ્રી ગલબાકાકાનાં ચરણોમાં શત શત નમન

## બનાસ ડેરીએ ૧૫ ફેબ્રુઆરીના રોજ સ્વ. શ્રી ગલબાકાકાની ૧૦૫મી જન્મજયંતીની ઉજવણી કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી



બનાસ ડેરીએ પોતાના આદ્યસ્થાપક, ગ્રામીણ રોજગાર અને સ્વનિર્ભરના પ્રણેતા સ્વ. શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ જન્મજયંતીની ઉજવણી કરી એમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. બનાસ ડેરીના કર્મચારીઓએ ગ્રામીણ વિસ્તારમાં રહેતા પશુપાલકો, ખેડૂતો અને ખાસ કરીને મહિલાઓને સમૃદ્ધ બનાવવા સ્વ. શ્રી ગલબાકાકાએ કરેલા સફળ પ્રયાસોને યાદ કરીને તેમનો આભાર માન્યો હતો તેમજ પુષ્પાંજલિ અર્પણ કરીને શત શત નમન કર્યાં હતાં.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી જે રીતે

પ્રગતિના પંથે જઇ રહી છે તે જોતા સમગ્ર વિશ્વની નજર બનાસ ડેરી તરફ મંડાઈ છે. સ્વ.શ્રી ગલબાકાકાએ ડેરીની સ્થાપના કરીને જિલ્લાવાસીઓ માટે ઘર આંગણે આર્થિક ઉન્નતિના દ્વાર ખોલ્યા છે. એક જમાનામાં દૂધ વેચવું એ પુત્ર વેચવા બરાબર ગણાતું હતું તેવા વિપરીત સમયમાં પણ ગલબાકાકાએ ડેરીની સ્થાપના કરીને જિલ્લાવાસીઓને સ્વાવલંબી બનાવવાનો સફળ પ્રયાસ કર્યો હતો પણ આજે એમના સપનાને માનનીય ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી સાકાર કરી રહ્યા છે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ સ્વ.શ્રી ગલબાકાકાને યાદ કરતાં જણાવ્યું હતું કે આજની પેઢી કદાચ સ્વ. શ્રી ગલબાકાકાને ઓળખતી ના હોય, પરંતુ ગલબાકાકા એટલે બનાસ ડેરીના શિલ્પી, જેમણે ક્રાંતિકારી વિચાર, મક્કમ મનોબળ અને અવિરત પ્રયાસોના ફળસ્વરૂપે વર્ષ ૧૯૬૯માં બનાસ ડેરીની સ્થાપના કરીને બનાસકાંઠાના ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાની દિશા આપી. આજે બનાસ ડેરીની પ્રગતિ અને તેના કારણે થતાં ખેડૂતો-પશુપાલકોના વિકાસની ચર્ચા ચારે બાજુ થાય છે. બનાસ ડેરી આજે કૂદકે ને ભૂસકે પ્રગતિના પંથે ગતિ કરી રહી છે, ત્યારે આ વિકાસના મૂળમાં દીર્ઘદૃષ્ટિ ધરાવતા સ્વ. શ્રી ગલબાકાકાનું મહાયોગદાન સમાયેલું છે.





# બનાસવાસીઓ માટે મા અંબાના ધામમાં ‘શ્રી ૫૧ શક્તિપીઠ’ની ખુલ્લા પગે પરિક્રમા કરતા ચેરમેન શ્રી શંકરભાઈ

**“મોદી સાહેબના દિવ્ય વિચારના કારણે એક જ દિવસમાં એકસાથે એક જ જગ્યાએ ૫૧ શક્તિપીઠનાં દર્શન કરવાનું શક્ય બન્યું”**
**- ચેરમેન શ્રી શંકરભાઈ**



બનાસકાંઠાના અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે આવેલ આરાસુરના ગબ્બર પર બિરાજમાન મા અંબાના ધામમાં ધન્યતા અનુભવાય છે. આજે વિશ્વપ્રસિદ્ધ મા અંબાનું ધામ કરોડો લોકો માટે શક્તિ, ભક્તિ અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ બની ગયું છે તેમજ હવે અહીંયાં વિશ્વના અલગ અલગ વિસ્તાર સ્થિત પાવન ૫૧ શક્તિપીઠની પરિક્રમા અને દર્શન કરવાનું સંભવ બન્યું છે ત્યારે ગુજરાત સરકાર અને અંબાજી માતાના દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અંબાજી સ્થિત વિશ્વપ્રસિદ્ધ મા અંબાના ગબ્બર ખાતે ૧૨થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન ૫૧ શક્તિપીઠનાં દર્શન અને પરિક્રમા કરવાના ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પરિક્રમા મહોત્સવના બીજા જ દિવસે એટલે કે ૧૩ ફેબ્રુઆરીના રોજ ગબ્બર પર્વત પર જઈને જગતજનની મા અંબાના આશીર્વાદ મેળવ્યા હતા તેમજ ત્યાં સ્થિત પવિત્ર ૫૧ શક્તિપીઠનાં દર્શન કરી ખુલ્લા પગે પરિક્રમા કરી હતી. તથા બનાસકાંઠાના ખેડૂતો-પશુપાલકોના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

# બનાસ ડેરીના લાખો પશુપાલકોને મા અંબાના ધામમાં ૫૧ શક્તિપીઠની પરિક્રમા કરવાનો મળ્યો સુવર્ણ અવસર








રાજ્ય સરકાર દ્વારા આયોજિત પરિક્રમા મહોત્સવમાંબનાસ ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકો અને ખેડૂતોને પવિત્ર ૫૧ શક્તિપીઠનાં દર્શન-પરિક્રમા કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. આ પરિક્રમા મહોત્સવમાં ગુજરાતમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવ્યા હતા. રાજ્યભરમાંથી અંબા માતાના ભક્તો ૫૧ શક્તિપીઠનાં દર્શન અને પરિક્રમા કરી શકે તે માટે આ પરિક્રમા મહોત્સવને લઈને રાજ્ય સરકારે પરિવહન માટે સરકારી એસ.ટી. બસોમાં ૫૦ ટકા રાહત આપી હતી, ૨૫ ટકા રાહત અંબાજી માતાના દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અને ૨૫ ટકા રાહત બનાસ ડેરીની દૂધ મંડળીઓ દ્વારા પોતાના પશુપાલકોને આપવામાં આવી હતી. બનાસ ડેરીની દૂધ ઉત્પાદક મંડળીઓ દ્વારા દાંતાના શીતકેન્દ્ર ખાતે બનાસ ડેરી સાથે જોડાયેલા લગભગ લાખ કરતાં પણ વધુ પશુપાલકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરાઈ હતી. સુદૃઢ વ્યવસ્થાના લીધે લાખો પશુપાલકો અને ખેડૂતોએ આ અવસરમાં સહભાગી બનીને ૫૧ શક્તિપીઠનાં દર્શન અને પરિક્રમા કરી હતી. શક્તિ, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર મા અંબાના ધામમાં આપણા સનાતન ધર્મનાં પવિત્ર ૫૧ શક્તિપીઠની પરિક્રમા કરવાનું હવે સંભવ બન્યું છે. મા અંબાના પરમ ઉપાસક અને આપણા સૌના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દિવ્ય વિચાર અને માર્ગદર્શનના કારણે આ શક્ય બન્યું છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શક્તિપીઠ અંબાજીધામને યાત્રાધામ સાથે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા, મંદિરને આકર્ષિત બનાવવા અને શ્રદ્ધાળુઓને દર્શન કરવાં સરળ બને તે માટે અનેક પ્રયાસો કર્યા છે. તેમણે ગબ્બર તળેટીમાં શ્રદ્ધાળુઓ એક જ દિવસમાં એકસાથે અને એક જ જગ્યાએ ૫૧ શક્તિપીઠ મંદિરનાં દર્શન કરી શકે તે સાકાર કરી બતાવ્યું છે.


દેશમાં કે પરદેશમાં શ્રીલંકા, નેપાળ, પાકિસ્તાન, બાંગલાદેશમાં આવેલી, આદ્યશક્તિની શક્તિપીઠમાં જઈ શકીએ કે ન જઈ શકીએ, પરંતુ અંબાજીમાં ગબ્બર ફરતે એકસાથે આબેહૂબ ૫૧ શક્તિપીઠનાં મંદિરોમાં શક્તિનાં દર્શનનો લહાવો લઈને જીવન ધન્ય બની જાય છે. સવારનો પહોર હોય, પંખીઓનો મીઠો કલરવ થયો હોય અને ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠમાં એકસાથે ઘંટનાદ થતો હોય, આરતી ગવાતી હોય ત્યારે એક અલૌકિક દિવ્ય વાતાવરણનો સાક્ષાત્કાર થાય છે અને સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે.



# ખેડૂતો અને પશુપાલકોના સર્વાંગી વિકાસનું બજેટ
## કેન્દ્રીય અને ગુજરાત બજેટ ૨૦૨૩-૨૪ને બનાસ ડેરીએ આવકાર્યું

'સર્વ જન હિતાય, સર્વ જન સુખાય'ની પરિકલ્પનાને સાકાર કરતું અને દેશ અને રાજ્યના દરેક ક્ષેત્રની ઉન્નતિને આવરી લઈને રાષ્ટ્રની આશા-અપેક્ષા, આકાંક્ષા અને ભવિષ્યના આયોજનોને પરિપૂર્ણ કરતું કલ્યાણકારી કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ નાણાં મંત્રી શ્રીમતી નિર્મલાબહેન સીતારામનજી દ્વારા તેમજ ગુજરાત રાજ્ય સર્વાંગીણ વિકાસ માટે સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અમૃત બજેટ ૨૦૨૩-૨૪ નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આ બંને બજેટ ૨૦૨૩-૨૪ને આવકાર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૨ના બજેટ કરતાં આ બંને બજેટમાં કૃષિ ક્ષેત્ર અને ડેરી

## સર્વસ્પર્શી, સર્વહિતકારી અને સર્વસમાવેશી છે કેન્દ્રીય અને ગુજરાત બજેટ



ઉદ્યોગના વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પશુપાલન અને ડેરી ઉદ્યોગ માટે કેન્દ્રીય બજેટ ફાળવણીમાં લગભગ ૪૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ રજૂ થયેલ ૨૦૨૩ બજેટ ક્લીન એનર્જીથી લઈને ખેડૂતો અને પશુપાલકોની આવકને વધારશે તેમજ 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરશે. અર્થતંત્રને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે ગોબરધન (ગેલ્વેનાઈઝિંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સીઝ ધન) નામની યોજના અંતર્ગત ૧૦,૦૦૦ કરોડ

રૂપિયાનું કુલ રોકાણ કરવાની સાથે ૫૦૦ નવા વેસ્ટ ટુ વેલ્થ (કચરામાંથી સંપત્તિ) સ્થાપિત કરવાના કેન્દ્ર સરકારના આયોજનને આવકાર્યું હતું. એ જ રીતે ગુજરાત સરકારે પણ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ રૂ.૨૧, ૬૦૫ કરોડની જોગવાઈ કરી છે, જે આગામી સમયમાં ખેડૂત, પશુપાલક અને સહકારી ક્ષેત્રની કાયાપલટ કરશે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ કેન્દ્રીય અને રાજ્યના બજેટની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ હંમેશાં ખેડૂતો, પશુપાલકો અને સહકારી ક્ષેત્રને મજબૂત કરવાની દિશામાં પ્રયાસ કરવામાં આવ્યો છે. કેન્દ્ર તેમજ ગુજરાતના બજેટમાં પશુપાલકો માટે વ્યવસાયને વિકસાવવા, પશુધનની કાળજી માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે, જે ડેરી ઉદ્યોગને સમૃદ્ધ બનાવવાની રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની કટિબદ્ધતા દર્શાવે છે. આધુનિક ભારત અને ગુજરાત રાજ્યની આશા, આકાંક્ષા અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા દૂરંદેશી નેતૃત્વ ધરાવતા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા બજેટમાં ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ કરનાર દેશની શક્તિ એવા ખેડૂતો અને પશુપાલકોને આત્મનિર્ભર બનાવવા માટેની મહત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. વધુમાં ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે કેન્દ્ર તેમજ ગુજરાત રાજ્યનું બજેટ ખેડૂતો તરફી પર્યાવરણને સુસંગત અને વિકાસને પ્રોત્સાહન આપનારું છે. બજેટ ૨૦૨૩-૨૪માં ગ્રામ્ય અને સહકારી ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હોવાથી તે આપણા લાખો ખેડૂતો-પશુપાલકોના જીવનનો ઉદ્ધાર થાય તેની ખાતરી કરી ડેરી ઉદ્યોગને આગળ લઈ જવામાં ઘણું મદદગાર બનશે.

**બજેટમાં ખેતી અને પશુપાલન માટેની મહત્ત્વપૂર્ણ બાબતો:**
**રાજ્ય સરકારનું બજેટ ૨૦૨૩-૨૪**

- ગૌશાળા-પાંજરાપોળ અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત ₹ ૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના અને ફરતા પશુ દવાખાનાની સેવાઓ માટે રૂપિયા ૧૦૯ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય માટે રૂપિયા ૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- દૂધ ઉત્પાદક સહકારી સંઘને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા ₹ ૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ની સેવાઓ માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- રાજ્યમાં ૧૫૦ નવાં સ્થાયી પશુ દવાખાનાં શરૂ કરવા ₹ ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.

**બજેટમાં સહકારી ક્ષેત્ર માટેની મહત્ત્વપૂર્ણ બાબતો**

- ખેડૂતો, પશુપાલકો અને સાગર ખેડૂતોને કિસાન ક્રેડિટકાર્ડ મારફત અપાતા રૂપિયા ત્રણ લાખ સુધીના ટૂંકી મુદતનું પાક ધિરાણ પર વ્યાજ સહાય માટે રૂપિયા ૧,૨૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓના કમ્પ્યૂટરાઈઝેશન તેમજ સાધન સહાય માટે ₹ ૧૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- બજાર સમિતિઓમાં વેરહાઉસ બનાવવા સહાય માટે રૂપિયા ૩૮ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિઓમાં માળખાગત સુવિધાઓ સુદૃઢ કરવા રૂપિયા ૨૩ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના વિવિધ પ્રોજેક્ટ માટે કેપિટલ સહાયની યોજના અંતર્ગત ₹ ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી.

**કેન્દ્ર સરકારનું બજેટ ૨૦૨૩-૨૪**

- કૃષિ ધિરાણ લક્ષ્યાંકમાં ૧૧ ટકાનો વધારો કરી રૂ. ૨૦ લાખ કરોડની જોગવાઈ કરાઈ.
- ચાલુ નાણાકીય વર્ષ માટે કૃષિ ધિરાણનો લક્ષ્યાંક રૂ. ૧૮ લાખ કરોડ.
- રૂ. ૨,૨૦૦ કરોડના ખર્ચ સાથે ઉચ્ચ મૂલ્યના બાગાયતી પાકો માટે 'સ્વ-નિર્ભર સ્વચ્છ પ્લાન્ટ પ્રોગ્રામ' શરૂ કરાશે.
- ખેડૂતોને વાર્ષિક સાત ટકાના અસરકારક દરે રૂ. ૩ લાખ સુધીની ટૂંકા ગાળાની કૃષિ લોન સુનિશ્ચિત કરવા માટે, સરકાર બે ટકા વ્યાજે સબસિડી પ્રદાન કરશે.
- ઔપચારિક ક્રેડિટ સિસ્ટમમાં નાના અને સીમાંત ખેડૂતોની પહોંચ વધારવા માટે રિઝર્વ બેંકે ગેરંટીમુક્ત કૃષિ લોનની મર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૧.૬ લાખ કરવાનો નિર્ણય કર્યો છે.



**"બનાસકાંઠાની મહિલાઓ બનાસ ડેરીના સહકારી ક્ષેત્રના વાસ્તવિક આગેવાનો છે, તેમનો પરિશ્રમ ગ્રામીણ અર્થવ્યવસ્થાને વેગ તો આપે છે, પરંતુ ભારતને સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ પણ બનાવે છે. તેમનો સ્નેહ, વિશ્વાસ અને સમર્થન મને બનાસ ડેરીનો વિકાસ કરવા માટે સૌથી વધુ તાકાત આપે છે."**

**- ચેરમેન શ્રી શંકરભાઈ**
**(બનાસ ડેરી, પાલનપુર)**

